# જામનગરની જલારામ સેવા સંસ્થા દ્વારા ફતેપુર-અમરેલી ખાતે ૧૦ ફૂટ વ્યાસનો વિશ્વવિક્રમી રોટલો કરાયો અર્પણ

## જલારામ બાપાના ગુરુ પૂજ્ય ભોજલરામ બાપાને વિશાળ કદનો રોટલો અર્પણ કરી નવો કીર્તિમાન સ્થાપ્યો




જામનગર : અમરેલી જિલ્લાના ભોજલધામ (ફતેપુર) ખાતે યોજાયેલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના સમાપન પ્રસંગે જામનગરના શ્રી જલારામ સેવા ટ્રસ્ટ, પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્ર હોલ તથા જલારામ મંદિર-હાપા દ્વારા ૧૦ ફૂટ બાય ૧૦ ફૂટ વ્યાસનો વિશાળ બાજરાનો રોટલો તૈયાર કરી સંત શિરોમણી જલારામ બાપાના ગુરુ પૂજ્ય શ્રી ભોજલરામ બાપાના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યો હતો. જેના આજે નવા કીર્તિમાન સાથેનું સર્ટીફીકેટ પ્રાપ્ત થયું છે, જે ગુરુપૂર્ણિમાના પાવન દિવસે પૂજ્ય જલારામ બાપા ના ગુરુ પૂજ્ય ભોજલ બાપા ના ચરણોમાં અર્પણ કરાયું છે.

આ અનોખા ધાર્મિક સેવા કાર્ય સાથે વિશ્વવિક્રમ સ્થાપિત કરવામાં આવ્યો છે, અને ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ્સની ટીમ દ્વારા આ વિશ્વ વિક્રમી રોટલા માટેનું નવું સર્ટીફીકેટ એનાયત કરાયું છે.

ઉલ્લેખનીય છે કે શ્રી જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા અગાઉ જામનગરમાં પૂજ્ય સંતશિરોમણી શ્રી જલારામ બાપાને ૭ ફૂટ વ્યાસનો બાજરાનો રોટલો અર્પણ કરી આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વવિક્રમ નોંધાવ્યો હતો. તે પરંપરાને આગળ વધારતાં આજે ગુરુપૂર્ણિમાના પાવન દિવસે ભોજલધામ ખાતે ૧૦ ફૂટ વ્યાસનો વિશાળ બાજરાનો રોટલો તૈયાર કરી ભાવપૂર્વક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પવિત્ર પ્રસંગે ભોજલધામના મહંત પૂજ્ય શ્રી ભક્તિરામ બાપુ, ભુપેન્દ્રભાઈ જોષી તથા નિખિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાંત શ્રી જલારામ સેવા ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ દતાણી, તેમજ ટ્રસ્ટના નવનિતભાઈ સોમૈયા, ભાવેશભાઈ પટેલ, વિરલભાઈ સોની, ધીરેનભાઈ દતાણી મનોજભાઈ ચંદારાણા જસ્મીનબેન દતાણી અલ્પાબેન ચંદારાણા માલુબેન કોળી ની ઉપસ્થિતિમાં આ વિશ્વવિક્રમી ધાર્મિક સેવા કાર્ય સંપન્ન થયું હતું.

શ્રી જલારામ સેવા ટ્રસ્ટના આગેવાનોના જણાવ્યા મુજબ, આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સંત શિરોમણી જલારામ બાપાના ગુરુ એવા પૂજ્ય શ્રી ભોજલરામ બાપા પ્રત્યેની અખંડ શ્રદ્ધા વ્યક્ત કરવાની સાથે અન્નદાન, સેવાભાવ અને ભારતીય સંસ્કૃતિનો સંદેશ વિશ્વ સુધી પહોંચાડવાનો છે. ૧૦ ફૂટ વ્યાસના આ વિશાળ બાજરાના રોટલાને લઈને વિશ્વવિક્રમ માટે જરૂરી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી, અને નવો કિર્તીમાન સ્થાપિત કરાયો છે.

# વરસાદ ખેંચાયો હોવા છતાં પાણીની કોઈ ચિંતા નહીં રહે, જામ્યુકોની હૈયાધારણા

જામનગર : જામનગર શહેરમાં વરસાદનો વિરામ લાંબો બન્યો હોવા છતાં શહેરના પાણી પુરવઠાને લઈને જામનગર મહાનગરપાલિકાએ સંપૂર્ણ આયોજન કરી લીધું હોવાનું જણાવ્યું છે. સૌની યોજના તથા નર્મદા કેનાલમાંથી જરૂરી જથ્થામાં પાણી મેળવી શહેરમાં નિયમિત એકાંતરા પાણી વિતરણ યથાવત્ રાખવામાં આવશે, અને હાલની સ્થિતિમાં નગરજનોએ પાણી અંગે કોઈપણ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી, તેમ મહાનગરપાલિકાના વોટર વર્ક્સ શાખાના ઈજનેર નરેશ પટેલે જણાવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે હાલમાં સૌની યોજના મારફતે આજી ડેમમાં અંદાજે ૨૦૦ એમસીએફટી પાણી ઠાલવવાની કામગીરી ચાલી રહી છે. તાજેતરમાં પડેલા વરસાદને કારણે આજી-૩ ડેમમાં કુદરતી આવક પણ નોંધાતા તેની જળસપાટીમાં વધારો થયો છે. આજી ડેમમાંથી હવે ઉંડ-૧ ડેમમાં પણ અંદાજે ૨૦૦ એમસીએફટી પાણી છોડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ત્યારબાદ ઉંડ-૧ ડેમમાંથી અંદાજે ૧૫૦ એમસીએફટી પાણી સસોઈ ડેમમાં ઠાલવવાની કામગીરી હાથ ધરાશે.

હાલમાં રણજીત સાગર ડેમમાં સમગ્ર ઓગસ્ટ મહિનો ચાલે તેટલો પૂરતો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ત્યાંથી દરરોજ અંદાજે ૪૦ એમએલડી પાણી લેવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત સસોઈ, ઉંડ અને આજી જળાશયોમાંથી પણ જરૂરી જથ્થામાં પાણી મેળવી કુલ અંદાજે ૧૫૦ એમએલડી પાણીનું સંચાલન કરીને શહેરમાં એકાંતરા પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. હાલ શહેરના કોઈપણ વિસ્તારમાં પાણી વિતરણમાં વિક્ષેપ સર્જાયો નથી.

વધુમાં નર્મદા કેનાલમાંથી પણ દરરોજ અંદાજે ૨૭ એમએલડી પાણી ઉપાડી શહેરની પાણી પુરવઠા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયા તથા ડીએમસી દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી ઈજનેર ભાવેશ જાની તેમજ મનપાની અધિકારીઓની ટીમ સમગ્ર પાણી પુરવઠા વ્યવસ્થાનું સતત મોનિટરિંગ કરી રહી છે. વરસાદની અનિશ્ચિત સ્થિતિ વચ્ચે પણ શહેરના નાગરિકોને નિયમિત પાણી મળી રહે તે માટે તમામ જરૂરી આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવતાં નગરજનોએ પાણી અંગે કોઈપણ પ્રકારની ચિંતા ન કરવા મનપા દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ઓખામાં આર. કે. બંદરે માછીમારનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ

દ્વારકા : ઓખા સ્થિત આર. કે. બંદરે માછીમાર પ્રૌઢનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની ઓખા મરીન પોલીસને જાણ થતાં સ્થળપર દોડી જઈ આગળની તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ ઓખામાં આર. કે. બંદર ખાતે કૃપાનિધી નામની બોટમાં ગત તા. ૨૮ ના રોજ રાત્રીના આઠેક વાગ્યે કાળીદાસભાઈ શુક્કરભાઈ હળપતી નામના પ્રૌઢ જમીને સુતા હોઈ દરમિયાન તેઓને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યા બાદ તીવ્ર હૃદયરોગનો હુમલો આવતા મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની ઓખા મરીન પોલીસ દફતરે મુકેશભાઈ બાબુભાઈ હળપતીએ જાણ કરતા એ. એસ. આઈ. આર. જી. બઠીયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# દ્વાદશ જયોતિલિંગ નાગેશ્વર મહાદેવ મંદિરે ગુરૂ પૂર્ણિમા પર્વથી ૩૦ દિવસીય મહાપ્રસાદ સેવારંભ

## મોટી સંખ્યામાં દેશ-વિદેશથી આવતા ભાવિકોને મળશે પ્રસાદનો લાભ



દ્વારકા : દ્વાદશ જ્યોર્તિલિંગ પૈકીના પવિત્ર નાગેશ્વર મહાદેવ મંદિરે ગુરુ પૂર્ણિમાના પાવન પર્વથી ૩૦ દિવસીય મહાપ્રસાદ (ભંડારા) ની સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મંદિરના મહંત ગિરધરભારથી લીલાભારથી ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ ધાર્મિક આયોજનમાં દરરોજ મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રાવણ માસ દરમિયાન નાગેશ્વર મહાદેવના દર્શન માટે દેશના વિવિધ રાજ્યો ઉપરાંત વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચતા હોય છે. આવા તમામ ભક્તોને ભગવાનના દર્શન સાથે મહાપ્રસાદનો લાભ મળી રહે તે હેતુથી આ વિશેષ સેવાનું આયોજન કરવામાં આવ્યું છે. સેવા અને સત્સંગની પરંપરાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે શરૂ કરાયેલા એ ભંડારામાં ભક્તો ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે. મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે કે આગામી ૩૦ દિવસ સુધી દરરોજ મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવશે. તમામ શ્રદ્ધાળુઓને મંદિરની પવિત્રતા, સ્વચ્છતા અને શિસ્ત જાળવી દર્શન તથા મહાપ્રસાદનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. મહંત ગિરધરભારથી લીલાભારથી ગોસ્વામીએ જણાવ્યું કે અન્નદાનને શ્રેષ્ઠ દાન માનવામાં આવે છે અને ભગવાનની ભક્તિ સાથે માનવસેવાનો સંદેશ સમાજ સુધી પહોંચે તેવા ભાવથી આ મહાપ્રસાદ સેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# વિષ્ણુ સહસ્ત્રનામ - મહાઆરતી સહિતનાં કાર્યક્રમો યોજાયા

## શ્રી સત્યનારાયણ મંદિરનાં ૧૩૨માં પાટોત્સવની શ્રદ્ધાપૂર્વક ઉજવણી



'છોટીકાશી' જામનગરમાં સત્યનારાયણ મંદિર રોડ પર આવેલ ભગવાન શ્રી સત્યનારાયણનાં પ્રાચીન મંદિરનો ૧૩૨ મો પાટોત્સવ અષાઢ સુદ દસમનાં ઉજવાયો હતો. ઠાકોરજીને વિશેષ શ્રીંગાર અર્પણ કરવામાં આવ્યા હતાં તથા શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ પૂજા કરવામાં આવી હતી. મંદિરની પરંપરા અનુસાર મંદિર પટાંગણમાં શરણાઈ વાદન કરવામાં આવ્યું હતું. સાંજે મહાઆરતી યોજાઈ હતી. ભક્તોમાં શીરાનાં તથા દૂધનાં પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. હજારો ભક્તો પાટોત્સવનાં દર્શનો લાભ ધન્ય થયા હતાં.

# જામનગર હિન્દુ સેનાની સમીક્ષા બેઠક યોજાઈ



જામનગર : જામનગરમાં ગુજરાત હિન્દુ સેના ગુજરાત સ્તરની ૨૦૨૬ ની બેઠક બાદ કામ કરવાની પદ્ધતિ અને સનાતન ધર્મને સર્વસ્વ ગણી સૈનિકોને મહત્વના સૂચનો કર્યા હતા,

શહેરમાં હિન્દુ સેના દ્વારા ૬ માસમાં લવ-જેહાદના પોલીસ ચોપડે ન ચડેલ હોય તેવા કુલ ૧૮ કેસમાં એડવાન્સ હિન્દુ સેના આગળ વધતા ૧૩ કેસમાં સફળતા મળી હતી, ૪ માં બળાત્કાર સહિતની ફરિયાદ દાખલ કરાવી હતી. કુલ ૩૮ ગૌવંશ કતલખાને લઈ જવામાં કિસ્સામાં પોલીસ ચોપડે ચડાવ્યા વિના બચ્ચાવેલ છે,

અશાંતધારો લાગુ કરવા હિન્દુ સેનાના સહયોગથી કુલ ૭ અરજીઓ કરેલ અને ૨૫૦૦ થી વધુ લોકો સુધી અશાંતધારાની વિસ્તૃત માહિતી પહોંચાડેલ હતી. કુલ ૩ દુકાનો ૧૦ મકાનોને ફરી હિન્દુઓને પરત સોંપાવેલ જેમાં અન્ય સાંપ્રદાયના લોકોનો કબજો હતો ૬ માસમાં કુલ ૨ ધર્માંતરણના કેસની તપાસ રૂબરૂ પ્રયત્ન કરી અટકાવેલ હતા અને યજ્ઞ પવિત્ર અપાવેલ હતી.


જામનગર શહેરને ચાર ભાગમાં વિભાજિત કરી હિન્દુ સેનાની નવી સાત જવાબદારીઓ સોપેલ જેમાં ઉપરોક્ત મુખ્ય કાર્યો સહિત નાના-મોટા અનેક કાર્યો પૂરા કરવામાં ગુજરાત યુવા પાંખના પ્રમુખ મયુર પટેલની ખાસ હાજરીમાં સૌરાષ્ટ્ર મંત્રી મયુર ચંદન શહેર પ્રમુખ દીપક પીલાઈ, લીગલ એડવાઈઝર સહદેવન મકવાણા, કપિલ જોશી, યુવા પ્રભારી કિશન નંદા, યુવા પ્રમુખ સાગર ચૌહાણ, યુવા ઉપપ્રમુખ ધીરેન નંદા, હિરેન ચંદન, મંથન અગેરા, મંત્રી સંજય ધનવાણી, વિવેક જાખરીયા, ઓમ ભાનુશાળી, નયન કથીરિયા, હર્ષ ભાનુશાળી, વિરજીભાઈ વિસાવડીયા, કુમાર ચાવડા, તેમજ વાલી શશીકાંતભાઈ સોની સહિતના જવાબદાર સૈનિકોએ જહેમત ઉઠાવી હતી. જામનગરને ચાર વિભાગમાં વિભાજીત કરી એક વિભાગના દસ ભાગ કરી અન્ય ભાગમાં ભરતી અભિયાન ચલાવવા સાથે સનાતન પ્રશ્નોને વાંચા આપવા અને લવ જેહાદ, લેન્ડ જેહાદ, ગૌરક્ષા, ગૌસેવા તેમજ ક્રિશ્ચન મિશનરી દ્વારા થતું ધર્માંતરને અટકાવવા વિશેષ માર્ગદર્શન ગુજરાત હિન્દુ સેના અધ્યક્ષ પ્રતિક ભટ્ટ દ્વારા અપાયું સાથોસાથ જામનગરમાં બેદિવસીય અભ્યાસ વર્ગનું આયોજન કરવાનું નક્કી કરવાનું કહેલ હતું.

## ટ્રક ચાલક દારૂના નશામાં ઝડપાયો

જામનગર : જામનગર નજીક લોર્ડ્સ હોટલ પાસે જાહેર માર્ગ પર દારૂના નશામાં ટ્રક ચલાવતા ચાલકને જનરક્ષક-૧૧૨ની મદદથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

ખંભાળિયાના સાકેત હોસ્પિટલ પાસે રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ભરતભાઈ ગોરધનભાઈ રાઠોડ કચ્છના કબરાઉથી દ્વારકા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન જામનગર નજીક લોર્ડ્સ હોટલ પાસે ઉત્તર પ્રદેશના પાસિંગ યુ. પી. -૧૫ ઇ.ટી. ૯૨૭૩ ની ટ્રક બેદરકારીથી તેમની બોલેરો નજીકથી પસાર થતાં તેમણે ટ્રક રોકાવી હતી. જેમાં ટ્રક ચાલક વિકાસકુમાર હરિશંકરસિંહ પટેલ, રહે. અંકોરહા, થાણા-દિનારા, જિલ્લો રોહતાસ (બિહાર) દારૂના નશામાં હોવાનું જણાતા ભરતભાઈએ જનરક્ષક-૧૧૨ને જાણ કરી હતી. જેથી એ.એસ.આઈ. એસ. એચ. જીલરીયા સ્થળે પહોંચ્યા બાદ બંનેને પોલીસે ઝડપી લઈ તેની ધરપકડ કરી હતી.

# દ્વારકા શારદાપીઠ ખાતે ગુરૂપૂર્ણિમાંની ઉજવણી



દ્વારકા : દ્વારકા ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવ શ્રીશારદાપીઠ, શંકરાચાર્ય મઠ દ્વારકામાં સંપન્ન થયો હતો. આ ઉત્સવ નિમિત્ત ગુરૂગાદી ખાતે ભગવાન આદ્ય શંકરાચાર્યજીનું પાદુકા પૂજન તથા ભગવાન શ્રીદ્વારકાધીશજીના શિખર પર નૂતન ધ્વજા આરોહરણ તથા ચંદ્રમોલેસ્વરને રુદ્ર અભિષેક કરવામાં આવ્યો હતો. તેમજ સંતોના આશીર્વાદ સહ આ ઉત્સવ ઉજવામાં આવ્યો. ઉત્સવમાં તમામ સનાતન ધર્માનુરાગીએ આદ્ય શંકરાચાર્યજીના આશીર્વાદ તથા સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# કલ્યાણપુરના ગાગા ગામે જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા

ખંભાળિયા : કલ્યાણપુર તાબેના ગાગા ગામમાં પોલીસે બે જગ્યાએ જુગાર અંગેના દરોડા પાડી સાત શખ્સને ઝડપી લઇ સ્થળપરથી કુલમળી રૂ. ૧૩ હજારની રોકડ રકમ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ કલ્યાણપુર તાલુકાના ગાગા ગામે જાહેરમાં ગંજીપાના વડે તીનપતી નામનો જુગાર રમતા કરસનભાઈ કારૂભાઈ ડફેર, ભરતભાઈ લાધાભાઈ રામાણી, મારખીભાઇ રામજીભાઈ ડફેર અને જીલુભાઈ લાધાભાઈ રામાણી નામના ચાર શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઇ સ્થળપરથી રૂપિયા ૧૦૫૭૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

જ્યારે ગાગા ગામે જ અન્ય એક દરોડામાં સ્થાનિક પોલીસે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા રવિભાઈ ચનાભાઈ જાડેજા, પ્રવીણભાઈ ચનાભાઈ જાડેજા અને અશોકભાઈ રામજીભાઈ ડફેર નામના ત્રણ શખ્સને ઝડપી લઇ સ્થળપરથી રૂપિયા ૨૨૬૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.


**પશ્ચિમ રેલવે ભાવનગર મંડળ**

**રિલે હટની જોગવાઈ**

**ઈ-ટેન્ડર નં.: 107-2026-27 કામનું નામ:** ભાવનગર મંડળ: સિવિલ કામ – DEN (પૂર્વ) હેઠળ 10,000થી વધુ TVU ધરાવતા લેવલ ક્રોસિંગ ગેટોના ઈન્ટરલોકિંગ કાર્યના અનુસંધાને 23 Nos. રિલે હટની જોગવાઈ. **ટેન્ડર કિંમત:** ₹ 5,42,72,022.80 **બિડ સુરક્ષા (EMD):** ₹ 10,85,500.00 **બિડિંગ શરૂ કરવાની તારીખ:** 05.08.2026બિડિંગ બંધ કરવાની તારીખ:19.08.2026 વધુ માહિતી માટે: www.ireps.gov.in પર લૉગિન કરો. BVP 093

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વિવિધ કાર્યો અને એમઇએની વ્યવસ્થા**

**ઈ-ટેન્ડર સૂચના નં.: 18 of 2026-27 તારીખ 28/07/2026; કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત – 360001; **વેબસાઇટ:** www.ireps.gov.in; **ક્રમ નં. (1) ઈ-ટેન્ડર નં.: DRM-RJT-2026-27-E-43; કામનું નામ:** રાજકોટ મંડળ: રાજકોટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વિવિધ કાર્યો. **અંદાજિત NIT કિંમત:** ₹ 9994790.37; **ઈએમડી રકમ:** ₹ 199900.00; **ક્રમ નં. (2) ઈ-ટેન્ડર નં.: DRM-RJT-2026-27-E-44; કામનું નામ:** રાજકોટ મંડળ: વિવિધ સ્ટેશનો પર MEA હેઠળ PA સિસ્ટમ, કવર શેડ અને પાણીના નળની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું કામ (MEA); **અંદાજિત NIT કિંમત:** ₹ 14699736.75; **ઈએમડી રકમ:** ₹ 294000.00; **ઉપરોક્ત બંને ટેન્ડરો માટે: ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 19/08/2026, 15:00 કલાકે. RJT – 101

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે ભાવનગર વર્કશોપ**

**BG કોચોમાં કાટ મરમ્મતનું કામ**

**ઈ-ટેન્ડર નં.: BVPW-2026-27-REHAB-09; કામનું નામ:** ભાવનગર પરા (BVP) વર્કશોપ ખાતે BG કોચોમાં કાટ (કોરોશન) મરમ્મતનું કામ, નિર્ધારિત કાર્યક્ષેત્ર (Scope of Work) મુજબ 2 વર્ષ માટે; **કામનો અંદાજિત ખર્ચ:** ₹ 6,79,45,173.59/-; **બિડ સુરક્ષા રકમ:** ₹ 13,58,900/-; **કામ પૂર્ણ કરવાની અવધિ:** LOA જારી થયાની તારીખથી 24 મહિના; **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 19/08/2026, 10:30 કલાકે; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 19/08/2026, 11:00 કલાકે; **વેબસાઇટ વિગતો:** ટેન્ડર માત્ર ઇલેક્ટ્રોનિક રીતે વેબસાઇટ https://www.ireps.gov.in પર જ સબમિટ કરવાનું રહેશે. **જારી કરનાર:** ઉપ મુખ્ય યાંત્રિક ઇજનેર, મુખ્ય વર્કશોપ મેનેજરનું કાર્યાલય, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર – 364003, પશ્ચિમ રેલવે; **ઇ-મેલ:** dycmews@bvp.railnet.gov.in BVP – 094

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# સજા પામેલ ખટિયા ગામના ફરાર આરોપીને ઝડપી જેલ હવાલે કર્યો



જામનગર : ચેક પરત કેસમાં એક વર્ષની સજા પામેલ અને નાસ્તા - ફરતા ખટિયા ગામના શખ્સને મેઘપર પડાણા પોલીસે પકડી પાડી અદાલતમાં રજૂ કરી જામનગર જિલ્લા જેલ ખાતે ધકેલી દીધો છે.

મળતી માહિતી મુજબ લાલપુર તાલુકાના ખટીયા ગામના પાટીયા પાસે રહેતા સામતભાઈ ખોળુભાઈ લાલવાણી નામના શખ્સને અદાલતે ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા ફટકારી હોઈ દરમિયાન સજા પામેલ આ શખ્સ નાસ્તો - ફરતો હોય જેને મેઘપર પડાણા પોલીસે તેના ઘર પાસેથી જ ઝડપી લઇ અદાલતમાં રજૂ કરી પુનઃ જિલ્લા જેલ જામનગર ખાતે સોંપી દીધો હતો.

# હાપામાં કૃષ્ણાપાર્કના ખુલ્લા પ્લોટમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગરના હાપા વિસ્તારમાં કૃષ્ણાપાર્ક ખાતે કમલેશભાઈ ભટ્ટીના મકાન પાછળ આવેલા ખુલ્લા પ્લોટમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પંચકોશી એ-ડિવિઝન પોલીસે દરોડો પાડી છ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ તથા અન્ય મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ પોલીસ કોન્સ્ટેબલ કમલેશભાઈ અમુભાઈ ખીમાણીયા તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે જુગાર અંગેની બાતમી મળતા હાપા રેનબસેરા નજીક કૃષ્ણાપાર્ક વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં જાહેરમાં તીનપત્તી (રોન પોલીસ) નામનો જુગાર રમતા મિથુનભાઈ કારૂભાઈ તુવેર, રવી કારાભાઈ જાદવ, યશપાલસિંહ હરેન્દ્રસિંહ જાડેજા, જીગરભાઈ લક્ષ્મણભાઈ લેયા, કમલેશભાઈ મનસુખભાઈ ભટ્ટી અને સહદેવસિંહ ગુમાનસિંહ સોઢા નામના ૬ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂ. કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં દારૂના નશામાં પત્ની સાથે ઝઘડો કરનાર પતિ ઝડપાયો

જામનગર : જામનગર શહેરના ઈન્દિરા કોલોની વિસ્તારમાં દારૂના નશામાં પત્ની સાથે ઝઘડો કરનાર પતિ સામે પોલીસમાં ગુનો નોંધાયો છે. પત્નીએ ૧૧૨ પર ફોન કરતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને નશામાં ધૂત પતિને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો.

શહેરના ઈન્દિરા કોલોની, વામ્બે આવાસ રોડ વિસ્તારમાં રહેતી દેવુબેન રણમલભાઈ વાઘેલાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના પતિ રણમલભાઈ ભિમજીભાઈ વાઘેલા (ઉ.વ. ૩૫) દારૂ પીધેલી હાલતમાં ઘરે આવી તેમની સાથે બોલાચાલી અને ઝઘડો કરવા લાગ્યા હતા. પત્નીએ પોલીસ બોલાવવાની વાત કરતાં તેઓ ઘરેથી ભાગી ગયા હતા. બાદમાં ફરી ઘરે આવી ઝપાઝપી અને હોબાળો શરૂ કર્યો હતો.

આ દરમિયાન દેવુબેનના દિયર હેમતભાઈએ રણમલભાઈને પકડી રાખતાં પરિવારજનોએ ૧૧૨ ઈમરજન્સી સેવા પર ફોન કર્યો હતો. પોલીસ સ્થળ પર પહોંચી રણમલભાઈને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. જ્યાં તેમની સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરવામાં આવી છે.


**પશ્ચિમ રેલવે-ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ સામગ્રીની સપ્લાય**

પાક્ષિક ટેન્ડર જાહેરાત; વરિષ્ઠ વિભાગીય સામગ્રી વ્યવસ્થાપક, ભાવનગર (Sr. DMM-BVP), ભારતના રાષ્ટ્રપતિ તરફથી નીચે દર્શાવેલ સામગ્રીની સપ્લાય માટે ઇલેક્ટ્રોનિક ખુલ્લી ટેન્ડરો આમંત્રિત કરે છે.

| ક્રમાંક | સામગ્રીનું વર્ણન | જથ્થો | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 1 | LHB બ્રેક કેલિપર બ્રેક સિલિન્ડર વિના EOG / PC માટે ઓવરહોલિંગ કિટ, KBI Part No. | 240.00 સેટ | 17/08/2026, 11:00 |
| | II39700/ZB મુજબ, અનુબંધ-I મુજબ કુલ 19 વસ્તુઓ સહિત. | | |
| 2 | EOG કોચની ડિસ્ક બ્રેક યુનિટ માટે SS-III (M72) મસ્ટ ચેન્જ કિટ, જેમાં POH કિટ (હેન્ડ બ્રેક વિના), | 12.00 સેટ | 24/08/2026, 11:00 |
| | ડ્રોઇંગ નં. 1EB8121B – 1J112010471 મુજબ, અનુબંધ C1 અનુસાર. ઉત્પાદક: SONA BLW | | |
| 3 | SS-II (M36) / SS-III (M72) માટે મસ્ટ ચેન્જ કિટ – વાલ્વ્સ, OEM ઓફરના અનુબંધ-B1 (Modified Panel Rev-1) મુજબ. | 24.00 સેટ | 31/08/2026, 11:00 |
| 4 | SS-II (M36) / SS-III (M72) માટે મસ્ટ ચેન્જ કિટ – વાલ્વ્સ, OEM ઓફરના અનુબંધ-B1 (Standard Panel Rev-0) મુજબ. | 24.00 સેટ | 07/09/2026, 11:00 |

ખરીદી સંબંધિત પ્રતિબંધો તથા ટેન્ડરની વિગતવાર શરતો માટે કૃપા કરીને વેબસાઇટ https://www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ (ઓફલાઇન) ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. BVP – 095

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# ઝાંખર ગામે 'એન્ટી-સરા કેમ્પ'માં ૧૦૫ ઊંટોનું પરીક્ષણ કરી વિનામૂલ્યે સારવાર





જામનગર : પશુચિકિત્સા દવાખાનું લાલપુર દ્વારા ઝાંખર ગામે ઊંટોમાં થતા ગંભીર રોગોના અટકાયત અને યોગ્ય સારવારના અર્થે 'એન્ટી-સરા કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન ગામના ઊંટ પાલકોના કુલ ૧૦૫ ઊંટોનું પશુચિકિત્સકોની ટીમ દ્વારા ઝીણવટપૂર્વક શારીરિક પરીક્ષણ કરી જરૂરી રસીકરણ અને દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સરા નિવારણ કેમ્પ અંતર્ગત ઊંટોમાં જોવા મળતા અત્યંત ગંભીર એવા ટ્રિપેનોસોમિયાસિસ રોગ સામે પ્રતિબંધાત્મક સારવાર આપવા સાથે ત્વચાના રોગો તેમજ અન્ય શારીરિક તકલીફોથી પીડાતા ઊંટોની યોગ્ય સારવાર કરી જરૂરી દવાઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત પશુચિકિત્સકો દ્વારા ઊંટ પાલકોને પોતાના પશુઓની યોગ્ય સંભાળ, ઋતુગત રોગચાળા સામે રાખવાની સાવચેતી અને પશુ આરોગ્ય વિષયક પૂરતું માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

લાલપુર પશુચિકિત્સા વિભાગ દ્વારા ઘરઆંગણે જ પશુપાલન વિષયક આવી ઉત્કૃષ્ટ અને સમયસરની સેવાઓ મળી રહેતા સ્થાનિક ઊંટ પાલકોએ ભારે સંતોષ વ્યક્ત કરી આભાર દર્શાવ્યો હતો.

# જામનગર ખાતે આર્મી ભરતીમાં જોડાવવા માટે નિ:શુલ્ક નિવાસી તાલીમ યોજાશે

જામનગર : ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬ દરમ્યાન આર્મી/એરફોર્સ/નેવી/અર્ધલશ્કરી દળો તથા પેરા મિલીટ્રી ફોર્સિસની ભરતી પૂર્વે શારીરિક/માનસિક ક્ષમતા માટેની પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ યોજના અમલમાં મુકવામાં આવેલ છે, જે અંતગર્ત આર્મી ભરતી બોર્ડ જામનગર દ્વારા થનાર આર્મી ભરતી માટે જામનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા યુવાનો આર્મી ભરતીમાં પાસ થઈ તેમના કૌશલ્યનો ઉપયોગ રાષ્ટ્રના નિર્માણના કામમાં થાય તે માટે ૩૦ દિવસની એક નિવાસી તાલીમ વર્ગનું આયોજન ટૂંક સમયમાં કરવામાં આવશે.

આ તાલીમમાં જોડાવવાં ઈચ્છુક જામનગર જિલ્લાના ફક્ત પુરૂષ ઉમેદવારો પાસેથી જિલ્લા રોજગાર કચેરી- જામનગરને પોતાના તમામ શૈક્ષણિક લાયકાતના સર્ટિફિકેટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, બેંક પાસબુક, અધારકાર્ડ, ૦૨ પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે તા.૧૭/૮/ સુધિમાં સ્વખર્ચે પોતાની સંમતી આપી જવા જણાવવામાં આવ્યું છે. આ તાલીમવર્ગ જામનગર ખાતે નિ:શુલ્ક(રહેવા-જમવાનો ખર્ચ સરકાર દ્વારા ભોગવવામાં આવશે અને ૧૦૦ રુપિયા સ્ટાઈપેંડ પ્રતિ દિન આપવામાં આવશે.) યોજવામાં આવશે આથી ૩૦ દિવસ રહેવાની તૈયારી સાથે આવવાનું રહેશે.

તાલીમમાં જોડાવવા માટેની શૈક્ષણિક લાયકાત,ઉમર,શારીરિક યોગ્યતા નીચે પ્રમાણે છે. શૈક્ષણિક લાયકાતઃ- ધો-૧૦ અથવા ધો. ૧૨ સાથે કોઈપણ પ્રવાહમાં પાસ કરેલ હોવા જોઈએ. ઉંમર ૧૭.૫૦ થી ૨૩ વર્ષ, તાલીમ વર્ગનો સમયગાળો ૩૦ દિવસ, શારીરિક યોગ્યતા ઉંચાઈ- ૧૬૮ સે.મી., વજન-૫૦ કિલોગ્રામ, છાતી ફુલાવ્યા વગર ૭૭ સે.મી. અને ફુલાવેલ ૮૨ સે.મી. તાલીમનો અભ્યાસક્રમ શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ,વજન,છાતી તથા શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો,પુલ અપ્સ અને લેખિત તાલીમ આપવામાં આવશે.

અગાઉ નિવાસી તાલીમમાં જોડાયેલ ઉમેદવારો આ નિવાસી તાલીમમાં જોડાઈ શકશે નહિ. આવશે. ઉમેદવારનું તાલીમ માટેનું ફાઈનલ સીલેક્શન સંરક્ષણક્ષેત્રના નક્કી કરેલા શારીરિક માપદંડ મુજબ કરવામાં આવશે, આર્મી લેખિત પરીક્ષા પાસ કરેલા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે. તેમ જિલ્લા રોજગાર અધિકારી એસ.બી.સાંડપાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર જિલ્લાના બાકી લાભાર્થીઓને CBDC પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ

જામનગર : ભારત સરકાર તથા રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના સહયોગથી જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શી બનાવવાના હેતુથી ગુજરાતમાં CBDC (સેન્ટ્રલ બેંક ડિજીટલ કરન્સી) આધારિત "Digital Food Coupon" પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યમાં લાભાર્થીઓના CBDC થી વિતરણ થઇ શકે તે માટે અનુસરવાની કાર્યપધ્ધતિ માટેની Standard Operation Procedure (SOP) પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં લાભાર્થી આપમેળે/ઘરેબેઠા CBDC થી વિતરણમાં જોડાય શકે છે. જેની પ્રક્રિયા નીચે મુજબ છે.

જે લાભાર્થીના રાશનકાર્ડમાં દર્શાવેલ મોબાઇલ નંબર અને આધારકાર્ડમાં લીંક થયેલ મોબાઇલ નંબર સમાન હોય તેવા લાભાર્થીઓનો વાઇટ લિસ્ટેડ યાદીમાં સમાવેશ થયેલ છે. જે યાદીમાંથી લાભાર્થીઓ તેમનું નામ https://ipds.gujarat.gov.in/CBDCProfileCmn.aspx લીંક પરથી શોધી શકશે. આ યાદીમાં સમાવેશ થયેલ લાભાર્થીએ PNB Digital Rupee એપ્લીકેશન ડાઉનલોડ કરી, રાશનકાર્ડની વિગતો ઉમેરતા સીમ જનરેટ થશે. જનરેટ થયેલ OTP એપ્લીકેશનમાં દાખલ કરી પ્રક્રિયા પૂર્ણ કરતા લાભાર્થી CBDC થી વિતરણ માટે યોગ્ય ગણાશે.

જે લાભાર્થીઓનું વાઇટલીસ્ટેડ યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેઓએ આધારકાર્ડમાં અપડેટ થયેલ મોબાઇલ નંબર "My Ration" એપ્લીકેશન મારફત રાશનકાર્ડમાં અપડેટ કરવાથી વાઇટ લિસ્ટેડ યાદીમાં સમાવેશ થઇ જશે ત્યારબાદ વાઇટ લિસ્ટેડ લાભાર્થીએ ઉપર્યુક્ત પધ્ધતિ અનુસરી CBDC પૂર્ણ કરવાનું રહેશે.

વધુમાં, ફીચર્ડ ફોન (કીપેડ) ફોનમાં CBDC ની પ્રોસેસ માટે ઝોનલ ઓફીસ અથવા મામલતદાર કચેરીનો સંપર્ક કરી CBDC કરી શકે છે તથા CBDC ને લગત કોઇ પણ સમસ્યા/વિગતો માટે નજીકની વાજબી ભાવની દુકાન, V.C.E અથવા લગત ઝોનલ ઓફિસ/મામલતદાર કચેરીનો સંપર્ક કરી શકાશે. તમામ લાભાર્થીઓને N.F.S.A. નો અવિરત લાભ મળી રહે તે હેતુથી ઝમ્હઝ માટે બાકી રહેતા જામનગર જિલ્લાના લાભાર્થીઓએ સત્વરે ઝમ્હઝ ની પ્રક્રિયા કરાવી લેવા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા અનુરોધ કરવામાં

# જામનગરની બાલાર્ક મેટલ્સના ચેક રિટર્ન કેસમાં પૂર્વ કર્મચારીને સજા

જામનગર : જામનગર શહેરની જાણીતી બાલાર્ક મેટલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા દાખલ કરાયેલા ચેક રિટર્ન કેસમાં જામનગરની અદાલતે કંપનીના પૂર્વ કર્મચારીને એક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ જેટલો દંડ અને વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

કેસની વિગતો મુજબ, બાલાર્ક મેટલ્સ પ્રાઈવેટ લિમિટેડમાં આસિસ્ટન્ટ શોપ ફ્લોર ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા જાડેજા જયેન્દ્રસિંહ મનુભાએ અંગત જરૂરિયાત માટે કંપની પાસેથી રૂ. ૧,૫૦,૦૦૦ની લોન લીધી હતી. લોનની રકમ માસિક રૂ. ૫,૦૦૦ના હપ્તાથી પરત ચૂકવવાની શરત હતી. આરોપીએ રૂ. ૬૧,૮૩૨ની ચુકવણી કર્યા બાદ બાકીના હપ્તા નિયમિત ભર્યા નહોતા.

બાકી લેણાં પેટે આરોપીએ કંપનીના નામે રૂ. ૮૮,૧૬૮નો યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, જામનગર શાખાનો ચેક આપ્યો હતો અને ચેક ક્લિયર થવાની ખાતરી આપી હતી. જોકે, કંપનીએ ચેક બેંકમાં રજૂ કરતાં તે ફંડ ઈનસફિશિયન્ટ ના કારણસર પરત ફર્યો હતો.

ત્યારબાદ કંપની દ્વારા વકીલ મારફતે કાયદેસરની નોટિસ પાઠવવામાં આવી હતી. છતાં આરોપીએ ન તો નોટિસનો જવાબ આપ્યો અને ન તો ચેકની રકમની ચુકવણી કરી. પરિણામે કંપનીએ જામનગરની અદાલતમાં નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી.

આ કેસની સુનાવણી જામનગરના પાંચમા એડિશનલ સિનિયર સિવિલ જજ તથા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતમાં ચાલી હતી. સમગ્ર પુરાવા અને બંને પક્ષની દલીલોને ધ્યાને લઈ અદાલતે આરોપી જાડેજા જયેન્દ્રસિંહ મનુભાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૭૮(૨) હેઠળ તથા નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ ૧૩૮ મુજબ દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદ, રૂ. ૮૮,૧૬૮નો દંડ તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૩૯૫(૩) હેઠળ ફરિયાદી કંપનીને રૂ. ૮૮,૧૬૮ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

જો આરોપી હુકમ મુજબ વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે તો તેને વધારાની ત્રણ માસની સાદી કેદ ભોગવવી પડશે.

બાલાર્ક મેટલ્સ પ્રાઈવેટ લિમિટેડ તરફથી સિનિયર ધારાશાસ્ત્રી નીતલ એમ. ધ્રુવ સાથે ડેનિશા એન. ધ્રુવ, પૂજા એમ. ધ્રુવ, આશિષ પી. ફટાણીયા, ધ્વનિશ એમ. જોશી, અલ્ફાઝ એ. મુન્દા, અશ્વિન એ. સોનગરા અને પ્રિતેશ કે. ભટ્ટે કેસની કાર્યવાહી સંભાળી હતી.

# પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા વધારી, સ્વસ્થ જીવનનો સંદેશ આપતા જામનગરના ખેડૂત





જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટી ભગેડી ગામના ખેડૂત જયસુખભાઈ કપુરિયા પોતાના પાંચ વીઘાના માધવ પ્રાકૃતિક ફાર્મમાં વર્ષ ૨૦૧૯થી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્રોત બન્યા છે.

જયસુખભાઈ પોતાના ખેતરમાં ઋતુ મુજબ પ્રાકૃતિક પદ્ધતિથી પાકોની વાવણી કરે છે, જેમાં ચોમાસામાં મગફળી, શિયાળામાં ઘઉં, ચણા, જીરું અને ઉનાળામાં મગ અને મઠનું વાવેતર કરે છે. જયસુખભાઈ જણાવે છે કે, તેમના દ્વારા વેચાણ કરવામાં આવતી તમામ પ્રોડક્ટ્સ તેમના ખેતરમાંથી પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત થયેલી શુદ્ધ અને ગુણવત્તાયુક્ત છે. ગ્રાહકોને વ્યાજબી કિંમતે પોષકતત્વોથી ભરપુર આહાર પૂરો પાડવા તેઓ સતત તત્પર રહે છે. આ ઉપરાંત આત્મા પ્રોજેક્ટના સહયોગથી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે 'આત્મા ગ્રુપ' દ્વારા ગાયોના નિભાવ માટે શેડ/સ્ટ્રક્ચર સહાય તેમજ ઉત્પાદનોના વેચાણ અર્થે યોજાતા પ્રદર્શન અને સ્ટોલ મેળાઓમાં પૂરતો સહયોગ મળી રહ્યો છે.

જયસુખભાઈ જણાવે છે, ખેડૂતોએ પોતાના પરિવારના સ્વાસ્થ્ય માટે ઓછામાં ઓછી ૨.૫ થી ૫ વીઘા જમીનમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અવશ્ય કરવી જોઈએ, જેથી સમાજને ઝેરમુક્ત આહાર મળી રહે અને જમીનની ફળદ્રુપતા પણ જળવાઈ રહે.

# વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ ખાતે એન્ટી-રેગિંગ જાગૃતિ સેમિનાર યોજાયો



જામનગર : વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ ખાતે તા.૨૦/૭/૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓમાં રેગિંગ વિરોધી જાગૃતિ લાવવા અને સુરક્ષિત, સન્માનપૂર્ણ તેમજ રેગિંગમુક્ત શૈક્ષણિક વાતાવરણના નિર્માણના હેતુથી પ્રિન્સીપાલ રામ કેવલરામાણી દ્વારા એન્ટી-રેગિંગ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં રેગિંગના દૂષ્પરિણામો, તેને લગતી કાનૂની જોગવાઈઓ, સંસ્થાની એન્ટી-રેગિંગ નીતિ તેમજ રેગિંગ અટકાવવા માટેના વિવિધ પગલાં અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પરસ્પર સન્માન, શિસ્ત, સહિષ્ણુતા અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ જાળવવાની અપીલ કરવામાં આવી હતી. તેમજ વિધાર્થીઓ પાસે થી ઓનલાઈન અંડરટેકિંગના લાઈવ ફોર્મ ભરાવ્યા હતા. આ કાર્યક્રમમાં રેગિંગ જેવી કોઈપણ ઘટના બને તો તેની જાણ કરવા માટે ઉપલબ્ધ વ્યવસ્થાઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સેમિનારમાં ભાગ લીધો અને પોતાના પ્રશ્નોના સંતોષકારક જવાબો મેળવ્યા હતા. કાર્યક્રમના અંતે સૌએ મળીને રેગિંગમુક્ત કેમ્પસના નિર્માણ માટે પ્રતિબદ્ધ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ વિદ્યાર્થીઓને સુરક્ષિત, સમાનતાપૂર્ણ અને ગુણવત્તાસભર શૈક્ષણિક વાતાવરણ પ્રદાન કરવા માટે સતત પ્રતિબદ્ધ છે. આ કાર્યક્રમમાં કોલેજ મેનેજમેન્ટના સભ્યો, પ્રિન્સિપાલ, તમામ વિભાગના અધ્યાપક મિત્રો તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# દ્વારકાધીશ મંદિર આસપાસ તમાકુ ઉત્પાદનોના વેચાણ પર પ્રતિબંધ




દ્વારકા : દ્વારકા યાત્રાધામમાં આવેલ શ્રી દ્વારકાધીશ મંદિરે આવતાં યાત્રાળુઓના આરોગ્ય પર તમાકુયુકત નશીલા પદાર્થોના વેચાણના કારણે અપ્રત્યક્ષ અસર થતી જોવા મળે છે. આ નક્શીલા પદાર્થોનું સેવન કરતા લોકો ?।?। પાન-મસાલા, તમાકુ, ગુટખાનું સેવન કરી મંદિર પરિસર તથા તેની આસપાસના વિસ્તારોમાં થૂંકીને ગંદકી ફેલાવવામાં આવતી હોવાનું ધ્યાને આવતા તેના કારણે પોલીસ અધિક્ષક દેવભૂમિ દ્વારકા દ્વારા કરાયેલ દરખાસ્ત અન્વયે જિલ્લા પોલીસ અધિકક્ષના હકારાત્મક અભિપ્રાયને ધ્યાનમાં લઈ દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે.

આ જાહેરનામા અનુસાર શ્રી દ્વારકાધીશ મંદિર દ્વારકાની ૧૦૦ મીટરની ત્રિજયા સુધીના વિસ્તારમાં પાન-મસાલા, તંબાકુ, ગુટખા, સિગરેટ વગેરેના વેચાણ, ખરીદી અને સેવન પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ જાહેરનામું તા.૨૧-૯ સુધી અમલમાં રહેશે તેનો ભંગ કનાર શિક્ષાને પાત્ર થશે.

યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ મંદિર ખાતે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ પધારતા હોય જે ધ્યાને લઈ મંદિર આસપાસના વિસ્તારોમાં ભિક્ષુકો તેમજ ફેરીયાઓના કારણે ભાવિકોને અવર-જવર કરવામાં મુશ્કેલી, ભકિતમય વાતાવરણમાં વિક્ષેપ, સુરક્ષા વ્યવસ્થામાં ખલેલ, ટ્રાફીક તથા વ્યવસ્થાપન સબંધિત સમસ્યાઓ ઊભી ન થાય તે માટે અને ફેરીયા/ભિક્ષુકોની આડમાં ચોરી અને લૂંટ થતી રોકવા પોલીસ અધિક્ષક દેવભૂમિ દ્વારકા દ્વારા મંદિરની આસપાસ ભિક્ષુકો તથા ફરતા ફેરીયાઓ પર પ્રતિબંધ મૂકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કરાયેલ દરખાસ્ત અન્વયે જિલ્લા પોલીસ અધિકક્ષના હકારાત્મક અભિપ્રાયને ધ્યાનમાં લઈ દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે. આ જાહેરનામા અનુસાર શ્રી દ્વારકાધીશ મંદિર દ્વારકાની ૧૦૦ મીટરની ત્રિજયા સુધીના વિસ્તારમાં ભિક્ષુકો તેમજ ફેરીયાઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

# સ્વામી વિવેકાનંદ સોસાયટીના બે ડીફોલ્ટર સભાસદને ૧-૧ વર્ષની સજા

જામનગર : જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ અને લાલપુર તાલુકાના પીપરટોડા ગામના રહેવાસી મહેશ ચનાભાઈ મુંધવા તેમજ હર્ષદપુર ગામના નાગજી મોહનભાઈ અટારાએ સોસાયટીમાંથી લોન લીધેલ હતી.

આ લોન ભરપાઈ કરવા આરોપીઓએ ચેકો આપેલા અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેકો રીટર્ન થયેલ જેથી સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટીસ આપવામાં આવેલ તેમ છત્તા સોસાયટીના ચેક મુજબની રકમનું લેણું ભરાયેલ ન હોય તેથી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮ અન્વયે આરોપીઓ વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી અને સમન્સ મળતા આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા હતા.

આ કેસ આગળ ચાલતા ફરીયાદી પક્ષના પુરાવાઓ અને સોસાયટીના વકીલની દલીલોને ધ્યાને લઈ આ કામના બંને આરોપીઓને તકસીરવાન ઠરાવવામાં આવેલ હતા અને મહેશ ચનાભાઈ મુંધવાને ૧ વર્ષની જેલની સજા તેમજ રકમ રૂ ૭૫,૪૬૬ નો દંડ તેમજ નાગજી મોહનભાઈ અટારાને ૧ વર્ષની જેલની સજા અને રૂ ૧,૧૪,૬૭૩ની રકમનો દંડ ફટકારવામાં આવેલ છે અને બંને આરોપીઓ ગેરહાજર હોવાથી બન્ને વિરુદ્ધ વોરંટ ઈસ્યુ કરવા કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરીયાદી તરફે વકીલ મિતેષભાઈ એલ.પટેલ, મણીલાલ જી.કાલસરીયા, ગૌરાંગભાઈ જી. મુંજપરા, હરજીવનભાઈ એમ. ધામેલીયા,જયદીપસિંહ જાડેજા રોકાયા હતા.

# રિલાયન્સ જિયો જૂન ૨૦૨૬માં એક્ટિવ સબસ્ક્રાઈબર ઉમેરવામાં અગ્રેસર

## જિયોએ ૩.૩૩ મિલિયન એક્ટિવ વાયરલેસ સબસ્ક્રાઈબર ઉમેર્યા,ભારતના સૌથી મોટા વાયરલેસ, એક્ટિવ

મુંબઈ : રિલાયન્સ જિયોએ જૂન ૨૦૨૬માં તમામ ટેલિકોમ ઓપરેટર્સમાં સૌથી વધુ એક્ટિવ વાયરલેસ સબસ્ક્રાઈબર્સ ઉમેર્યાનું ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ (ટ્રાઈ) જણાવ્યું છે. જિયોનો એક્ટિવ (ફન્ઈ) સબસ્ક્રાઈબર બેઝ ૩.૩૩ મિલિયન જેટલો વધીને ૪૯૮.૯૦ મિલિયને પહોંચ્યો છે, જે ભારતી એરટેલના ૨.૯૨ મિલિયનના ઉમેરા કરતા વધુ છે. જયારે કે વોડાફોન આઈડિયા અને બીએસએનએસ/એમટીએનએલે આમાં ચોખ્ખો ઘટાડો નોંધાવ્યો છે. ભારતમાં જિયોનો એક્ટિવ બેઝ સૌથી મોટો છે, જે દેશના ૧,૨૦૧.૦૬ મિલિયન એક્ટિવ વાયરલેસ સબસ્ક્રાઈબર્સમાં ૪૧.૫% હિસ્સો ધરાવે છે.

જિયો જૂનના અંત સુધીમાં ૫૦૩.૫૮ મિલિયન સબસ્ક્રાઈબર્સ સાથે ભારતની સૌથી મોટી વાયરલેસ (મોબાઇલ) ઓપરેટર રહી છે, જે ૩૯.૩% બજાર હિસ્સો ધરાવે છે. આ મહિના દરમિયાન જિયોએ ૨.૧૫ મિલિયન સબસ્ક્રાઈબર્સનો ઉમેરો કર્યો છે.

જિયોએ વાયરલાઇનમાં ૧૫.૬૩ મિલિયન સબસ્ક્રાઈબર્સ સાથે દેશના સૌથી મોટા ફિક્સ્ડ-લાઈન ઓપરેટર તરીકેનું સ્થાન જાળવી રાખ્યું, જેનો ૩૨.૭% બજાર હિસ્સો છે. જિયોએ જૂનમાં ૧,૪૪,૦૫૭ કનેક્શન ઉમેર્યા છે.

જિયોએ ૯.૧૧ મિલિયન સબસ્ક્રાઈબર્સ સાથે ૫૮ ફિક્સ્ડ વાયરલેસ એક્સેસમા પોતાની અગ્રેસરતાને સુદ્દઢ બનાવી છે, જેનો આંક ભારતના ૧૨.૯૪ મિલિયન 5G FWA બેઝના ૭૦.૫% જેટલો છે, અને તેનો ૧૪૫,૭૯૦ જેટલો સૌથી વધુ માસિક ઉમેરો છે. જિયો એકમાત્ર ઓપરેટર છે જેણે ૫૮ અનલાયસન્સ્ડ બેન્ડ રેડિયો (UBR) ફિક્સ્ડ-વાયરલેસ સબસ્ક્રાઈબર્સનો રિપોર્ટ આપ્યો, જેનો બેઝ આ મહિના દરમિયાન ૨,૦૧,૩૦૨ ઉમેરા પછી ૪.૯૩ મિલિયનનો રહ્યો હતો.જૂન ૨૦૨૬ના અંતમાં ભારતનો કુલ ટેલિફોન સબસ્ક્રાઈબર બેઝ ૧,૩૪૮.૦૮ મિલિયન નોંધાયો હતો, જે આ મહિના દરમિયાન ૪.૯૮ મિલિયનનો ચોખ્ખો ઉમેરો દર્શાવે છે.

# સલાયા મરીન પોલીસ સ્ટેશનના ગાર્ડનમાં નર્મદેશ્વર મહાદેવની કરાઈ સ્થાપના





તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : સલાયા મરીન પોલીસ દ્વારા પોલીસ ક્વાર્ટરની પાછળ આવેલ ગાર્ડનમાં બિલી પત્રના ઝાડ નીચે પવિત્ર નર્મદેશ્વર મહાદેવની શાસ્ત્રોકત વિધિ કરી અને સ્થાપન કરવામાં આવ્યું હતું.

આ પ્રાણ પ્રતિષ્ઠાની ધાર્મિક વિધિમાં ખંભાળિયાના ડીવાયએસપી મિત રૂદલાલ તેમજ સલાયા મરીન પોલીસના પીઆઇ જે.એમ. ચાવડા હસ્તે કરાઈ હતી.

આ તકે સલાયા મરીન પોલીસ સ્ટાફ પરિવાર તેમજ ગામના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ તકે પીઆઇ તેમજ સલાયા મરીન સ્ટાફ દ્વારા ડીવાયએસપીનું મહાદેવની પ્રતિકૃતિ આપી સન્માન કરાયું હતું. આ ધાર્મિક ઉત્સવ બાદ સંતો તેમજ પધારેલ મહેમાનોનું મહા પ્રસાદીનું આયોજન કરાયું હતું.

# જામનગરમાં પત્નિએ પ્રેમી સાથે મળી પતિનું કાળસ કાઢી નાખ્યાના બનાવનો બે વર્ષ બાદ પર્દાફાશ

**દારુમાં સાઈનાઈડ નાખી મોતને ઘાટ ઉતાર્યો : મૃતકની લાશ પ્રેમીના કારખાનામાં ૧૫ ફૂટ ઉંડા ખાડામાં દાટી દીધી : પતિ ઓસ્ટ્રેલિયા ગયો હોવાનું જણાવી પરિવારને ગેરમાર્ગે દોરાયા: મૃતકના ભાઈની અરજી પરથી સમગ્ર ઘટના પ્રકાશમાં આવી : કારખાનામાં ખોદકામ કરતાં મૃતકના કંકાળ મળી આવ્યા : પત્નિ અને તેના પ્રેમી સહિત ત્રણેય શખ્સોની અટકાયત**





તસવીરઃ સુનિલ ચુડાસમા



મૃતકનો ફાઈલ ફોટો

જામનગર : જામનગર શહેરમાં પ્રેમપ્રકરણમાં રચાયેલા ક્રાઈમ પેટ્રોલ સિરિયલ જેવો હત્યાકાંડનો ચોંકાવનારો ભેદ બે વર્ષ બાદ ઉકેલાતા ભારે ચકચાર મચી છે. પતિને રસ્તામાંથી દૂર કરવા પત્નીએ પોતાના પ્રેમી અને તેના મિત્ર સાથે મળીને પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. આરોપીઓએ પતિને દારૂની પાર્ટીના બહાને બોલાવી દારૂમાં સાઈનાઈડ ભેળવી પીવડાવ્યું, ત્યારબાદ મોત નિપજ્યા પછી લાશને દરેડ જીઆઈડીસીના એક શેડમાં દાટી દીધી હતી. પરિવારજનોને સતત ભોગ બનનાર ઓસ્ટ્રેલિયા ગયો હોવાનું કહી ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા. આખરે પરિવારની શંકા, પોલીસની ઝીણવટભરી તપાસ અને ઘટનાસ્થળે કરાયેલા ક્રાઈમ સીનના પુનઃનિર્માણ બાદ જમીનમાંથી માનવ કંકાળ મળી આવતાં સમગ્ર હત્યાકાંડનો ભેદ બહાર આવ્યો હતો.

આ બનાવ અંગે મૃતક જીગ્નેશ ધરમશીભાઈ માવદીયા (પ્રજાપતિ કુંભાર) ના ભાઈ અશોકભાઈ ધરમશીભાઈ માવદીયાએ સિટી બી. ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા મુજબ જીગ્નેશે પ્રેમલગ્ન કર્યા હતા અને તેને બે પુત્રીઓ છે. છેલ્લા બે વર્ષથી જીગ્નેશનો પરિવારજનો સાથે કોઈ સંપર્ક ન થતાં શંકા ઊભી થઈ હતી. પત્ની પૃથ્વીબેન ઉર્ફે ભૂમીબેન વારંવાર જીગ્નેશ ઓસ્ટ્રેલિયામાં હોવાનું અને કોઈ સાથે વાત કરવા માંગતો ન હોવાનું કહી વાત ટાળી દેતી હતી.

પરિવારજનોને શંકા વધુ ગાઢ બનતા તેઓએ જીગ્નેશ અંગે દબાણ વધાર્યું હતું. ત્યારબાદ તા. ૨૪ જુલાઈએ પૃથ્વીબેન અને નિલેશ મનસુખભાઈ કછટીયાએ પરિવારને મળીને જીગ્નેશની બે વર્ષ પહેલાં હત્યા કરી લાશની વિધિ પણ કરી નાખી હોવાનું કબૂલ્યાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ પરિવારજનોએ પોલીસમાં અરજી કરી હતી.

પોલીસ તપાસ દરમિયાન બહાર આવેલી વિગતો મુજબ તા. ૩૧ મે, ૨૦૨૪ની રાત્રે જીગ્નેશને દરેડ જીઆઈડીસીમાં આવેલા એક શેડમાં દારૂની પાર્ટીના બહાને બોલાવવામાં આવ્યો હતો. ત્યાં પત્ની પૃથ્વીબેન ઉર્ફે ભૂમીબેન, તેનો પ્રેમી નિલેશ મનસુખભાઈ કછટીયા અને બલવીર દેવીરામ વર્માએ મળીને દારૂમાં સાઈનાઈડ ભેળવી પીવડાવતાં જીગ્નેશનું મોત નીપજ્યું હતું. ત્યારબાદ પુરાવાનો નાશ કરવા માટે શેડમાં ૧૨ થી ૧૫ ફૂટ ઊંડો ખાડો ખોદી લાશ દાટી દેવામાં આવી હતી.

પોલીસે દરેડ જીઆઈડીસી વિસ્તારમાં દર્શાવેલી જગ્યાએ ખોદકામ કરતાં માનવ કંકાળ મળી આવ્યો હતો, જેને મૃતક જીગ્નેશનો હોવાનું પ્રાથમિક રીતે માનવામાં આવી રહ્યું છે. કંકાલને પોસ્ટમોર્ટમ અને આગળની ફોરેન્સિક તપાસ માટે જી.જી. હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યો છે.

આ સમગ્ર ઘટનામાં પંચકોશી બી. ડિવિઝન પોલીસે પત્ની પૃથ્વીબેન ઉર્ફે ભૂમીબેન, તેના પ્રેમી નિલેશ મનસુખભાઈ કછટીયા અને બલવીર દેવીરામ વર્મા સામે પૂર્વ આયોજિત કાવતરું રચી હત્યા કરવા તેમજ પુરાવાનો નાશ કરવા સહિતના ગુનાઓ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. હાલ સમગ્ર મામલાની તપાસ પંચકોશી બી. ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.જે. રાઠોડ અને તેઓની ટીમ ચલાવી રહ્યા છે.

# લાલપુરના સણોસરીમાંથી દારૂની ૫૯૩૦ બોટલ સાથે ત્રણ શખ્સો ઝબ્બે

## સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીનો મોટો દરોડોઃ રૂ. ૧.૦૮ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે : ૧૦ આરોપીઓની શોધખોળ



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : ગુજરાત રાજ્યની મોનિટરિંગ સેલ, ગાંધીનગરની ટિમ અને લાલપુર પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં લાલપુર તાલુકાના સણોસરી ગામની સીમમાં આવેલી એક વાડી પર દરોડો પાડી ઈંગ્લીશ દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે કુલ અંદાજે રૂ. ૧,૦૦,૮૫,૫૩૦નો મુદ્દામાલ કબજે કરી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સુત્રધાર સહિત અન્ય દસ આરોપીઓ ફરાર હોવાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ, લાલપુર તાલુકાના સણોસરી ગામની સીમમાં નગાભાઈ ભીમશીભાઈ ડાંગરની વાડીમાં ટેન્કર મારફતે દારૂનો વિશાળ જથ્થો ઉતારવામાં આવ્યો હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડ્યો હતો. જ્યાં સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની કુલ ૫૯૩૦ બોટલનો જંગી જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે નગાભાઈ ભીમશીભાઈ ડાંગર, હેમત નગાભાઈ ડાંગર તથા સુરજપ્રકાશ સુમેરસિંહ જાટ (મૂળ રાજસ્થાન)ની ધરપકડ કરી હતી.

તપાસમાં ખુલ્યું છે કે સણોસરીના ગોવિંદ ભાયા ડાંગર દ્વારા રાજસ્થાનના જીતેન્દ્રસિંહ અને પવનસિંહના સંપર્કથી પંજાબના પટિયાલાથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવવામાં આવ્યો હતો. દારૂ ટેન્કર ટ્રકમાં ભરી ગુજરાત લાવવામાં આવ્યો હતો અને સણોસરીની વાડીમાં ઉતારવાની કામગીરી દરમિયાન પોલીસે દરોડો પાડી સમગ્ર કાવતરાનો પર્દાફાશ કર્યો હતો.

પોલીસે સ્થળ પરથી ટેન્કર ટ્રક (જી.જે. -૧ -જે.ટી. ૨૫૬૬) કિંમત રૂ. ૨૦ લાખ, દારૂની ૫,૯૩૦ બોટલો કિંમત રૂ. ૭૭.૦૯ લાખ, ઉપરાંત મકાનમાંથી મળેલી ૪૮ બોટલો, રોકડ રકમ, ત્રણ મોટરસાયકલો, મોબાઈલ ફોન, ફાસ્ટેગ, દસ્તાવેજો તથા અન્ય સામાન સહિત કુલ રૂ. ૧,૦૦,૮૫,૫૩૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ દારૂના જથ્થાની હેરફેર, સંગ્રહ અને વેચાણ માટે સુનિયોજિત કાવતરું રચ્યું હતું. ઉપરાંત વાહનો પર ખોટી નંબર પ્લેટનો ઉપયોગ કર્યો છે. આ ગુનામાં ગુજરાત પ્રોહિબિશન અધિનિયમની વિવિધ કલમો તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. મુખ્ય સુત્રધાર, દારૂ મંગાવનાર, ટેન્કર માલિક, અન્ય ડ્રાઈવર, ફાસ્ટેગ ધારક સહિત કુલ દસ આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ગુનાની વધુ તપાસ લાલપુર પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

# જામનગરમાં યુવતીએ અકળ કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

જામનગર : જામનગર શહેરના ગુલાબનગર વિસ્તારમાં રહેતી એક યુવતીએ કોઈ અકળ કારણસર પોતાના જુના મકાનની ઓરડીમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની મૃતકના પિતા દ્વારા સ્થાનિક પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસ આરંભી હતી.

મળતી માહિતી મુજબ જામનગરના છેવાડે ગુલાબનગર વિસ્તારમાં સિન્ડિકેટ સોસાયટી ખાતે સતવારા સમાજની પાછળ પીપરીયા વાડીમાં રહેતી શિલ્પાબેન ધીરુભાઈ રાઠોડ નામની ૨૭ વર્ષની યુવતીએ તેણીના તાડીયા હનુમાન મંદિર પાછળ આવેલ મકાનની ઓરડીમાં જઈ કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લેતા પરિવારમાં ભારે ગમગીની પ્રસરી ગઈ છે. આ બનાવ અંગે મૃતક યુવતીના પિતાએ જાણ કરતા સિટી બી ડિવિઝન પોલીસ સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો અને યુવતીના મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટમોર્ટમ અર્થે જી. જી. હોસ્પિટલમાં મોકલી આપી આપઘાત પાછળનું કારણ જાણવા સહિત જુદી-જુદી દિશામાં તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં આધ્યાશક્તિ નવરાત્રીના સંચાલક અને યુટ્યુબર સામે છેતરપિંડીની ફરિયાદ

## ઈવેન્ટ મેનેજમેન્ટ અને જમણવારના રૂ. ૮.૬૮ લાખ નહીં ચૂકવ્યાનો આક્ષેપ

જામનગર : જામનગરના જાણીતા નવરાત્રી સંચાલક અને યુટ્યુબર સંજયભાઈ ચેતરીયા સામે છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસઘાત સહિતના આક્ષેપો સાથે વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે. છેલ્લા ૪૮ કલાક દરમિયાન તેમની સામે નોંધાયેલી આ ચોથી પોલીસ ફરિયાદ હોવાનું સામે આવતાં શહેરમાં ભારે ચર્ચા જાગી છે.

પંચ 'બી' ડિવિઝન પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ રાજકોટ હાલ નિવાસી અને મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દુધીયા ગામના હિતેશભાઈ વેજાણંદભાઈ કંડોરીયાએ જણાવ્યું છે કે જુલાઈ-૨૦૨૩થી જૂન-૨૦૨૬ દરમિયાન જામનગરમાં યોજાતા 'આધ્યાશક્તિ નવરાત્રી'ના ઈવેન્ટ મેનેજમેન્ટ તેમજ જમણવારની વ્યવસ્થા માટે કરાયેલા કામ પેટે ચૂકવવાના રૂ. ૮,૬૮,૦૦૦ આરોપીએ ચૂકવ્યા નહોતા.

ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે નાણાંની માંગણી કરતાં સંજયભાઈ ચેતરીયાએ ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હતો તેમજ ગેરશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ફરિયાદના આધારે પંચ 'બી' ડિવિઝન પોલીસે સંજયભાઈ ચેતરીયા સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૨), ૩૫૧(૩) અને ૩૫૨ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૪૮ કલાક દરમિયાન સંજયભાઈ ચેતરીયા સામે વિવિધ વ્યક્તિઓ દ્વારા અલગ-અલગ આક્ષેપો સાથે ચાર પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાનું સામે આવ્યું છે.

# જામનગર જિલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં નાણા ધિરધારનું લાયસન્સ રિન્યૂ માટે લાંચ લેતાં બે ઝડપાયા

## ઓડિટર નાશી છૂટયો, ગુગલ પેથી લાંચ સ્વિકારતાં એસીબીની ટીમ પ્રગટ થઈ





જામનગર : જામનગર એન્ટી કરપ્શન બ્યુરો (એ.સી.બી.) દ્વારા ગોઠવાયેલા સફળ ટ્રેપમાં નાણા ધીરધાર (ફાયનાન્સ)નું લાયસન્સ રિન્યૂ કરવા માટે રૂ. ૧૪ હજારની લાંચ માંગવાના કેસમાં બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે એક આરોપીને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, એક જાગૃત નાગરિકે પોતાના નાણા ધીરધારના લાયસન્સના રિન્યૂઅલ માટે જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી, જામનગર ખાતે અરજી કરી હતી. લાયસન્સ રિન્યૂ કરી આપવા માટે પ્રજાજન નીલેષભાઈ જગદીશચંદ્ર છાપીયાએ ઓડીટર ગ્રેડ-૧ એમ.એન. જેઠવા અને સબ-ઓડીટર દિગ્વીજયગીરી ભુપતગીરી ગોસાઈ વતી રૂ. ૧૪,૦૦૦ની લાંચની માંગણી કરી હતી.

ફરીયાદી જ્યારે ઓડીટર ગ્રેડ-૧ એમ.એન. જેઠવાને મળ્યા ત્યારે તેમણે લાંચની રકમ નીલેષભાઈ છાપીયાને આપી દેવા જણાવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ ફરીયાદીના આધારે એ.સી.બી.એ છટકું ગોઠવ્યું હતું. ટ્રેપ દરમિયાન નીલેષભાઈ છાપીયાએ લાંચની રકમ રોકડને બદલે ગુગલ પે મારફતે પોતાના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. જેના અનુસંધાને ફરીયાદીએ ગુગલ પે દ્વારા રૂ. ૧૪ હજાર ટ્રાન્સફર કર્યા હતા. રકમ મળ્યાની પુષ્ટિ થયા બાદ લાયસન્સ રિન્યૂ કરવાની પ્રક્રિયા અંગે આરોપીઓ વચ્ચે વાતચીત પણ થઈ હોવાનું એ.સી.બી.ની તપાસમાં સામે આવ્યું છે.

આ કેસમાં પ્રજાજન નીલેષભાઈ જગદીશચંદ્ર છાપીયા અને સબ-ઓડીટર દિગ્વીજયગીરી ભુપતગીરી ગોસાઈને ઝડપી લેવામાં આવ્યા છે, જ્યારે ઓડીટર ગ્રેડ-૧ એમ.એન. જેઠવા મળી આવ્યા ન હોવાથી તેમને ઝડપી પાડવા માટે કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.

ત્રણેય આરોપીઓ સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ટ્રેપની કાર્યવાહી પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. ગોહિલ તથા જામનગર એ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. જ્યારે આ કામગીરીનું સુપરવિઝન મદદનીશ નિયામક જે.ડી. મેવાડા અને ઈન્ચાર્જ અધિકારી નાયબ નિયામક બલદેવસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# જોડિયાના ટીંબડી ગામે ઓરડીમાંથી ઈંગ્લીશ દારૂના ૧૫૪ ચપલા મળી આવ્યા

## રૂ. ૪૪ હજારના મુદ્દામાલ સાથે શખ્સની અટકાયત, કચ્છના સપ્લાયરની શોધખોળ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જોડિયા તાલુકાના ટીંબડી ગામે વાડી વિસ્તારમાં એલસીબી પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી ઓરડીમાં છુપાવેલા ઈંગ્લિશ દારૂના ૧૫૪ નંગ ચપલા સાથે એક શખ્સની અટકાયત કરી હતી જ્યારે સપ્લાયરની શોધખોળ હાથ ધરી બન્ને વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કર્યો હતો.

મળતી માહિતી પ્રમાણે જોડિયા તાબેના ટીંબડી ગામે એલસીબી પોલીસને બાતમી મળતા અશોકસિંહ ટેમુભા જાડેજા નામના શખ્સની વાડીએ દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ઓરડીમાં છુપાવેલા ઈંગ્લિશ દારૂના ૧૫૪ નંગ ચપલા મળી આવતા તેની ધરપકડ કરી હતી. જયારે આ ઈંગ્લિશ દારૂ મોકલનાર કચ્છ જિલ્લાના રામદેવસિંહ જાડેજા નામના શખ્સની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી રૂ. ૪૨૩૭૦ નો સ્થળપરથી મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# જામજોધપુરની હોટલ લોટ્સમાં ધમધમતો જુગારનો અખાડો ઝડપાયો

## સંચાલક સહિત સાત શખ્સોની રૂ. ૧૨.૪૮ લાખનો મુદ્દામાલ સાથે ધરપકડ

જામનગર : જામજોધપુરમાં માધવ રોડ પર વસ્તપુરના પાટિયા પાસે આવેલી એક હોટલમાં જુગાર રમતો હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પડ્યો હતો. જ્યાં રૂમ નં. ૨૦૭માં જુગાર રમતા હોટલ સંચાલક સહિત સાત શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રકમ સહિતની મતા કબ્જે કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામજોધપુરમાં વસંતપુરના પાટિયા પાસે આવેલ હોટલ લોટ્સમાં જુગારનો અખાડો જામ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી. આથી સ્થળ પર જઈ હોટલના રૂમ નંબર ૨૦૭ માં તીનપતિ નામની જુગાર રમી રહેલ હોટલ સંચાલક કેતનભાઈ જમનભાઈ માકડીયા, દીપકભાઈ જેંતીભાઈ ભોજાણી, કિરણભાઈ ઉર્ફે કારીયો મનસુખભાઈ માકડીયા, બિપીનભાઈ વિઠ્ઠલભાઈ દલસાણીયા, કેતનભાઈ જેંતીભાઈ કાલરીયા, હિરેનભાઈ જમનભાઈ માકડીયા અને દિનેશભાઈ શાંતિલાલ કનેરીયા સહિત કુલ સાત શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી

રોકડ રકમ ૧.૯૩ લાખ તેમજ સાત મોબાઈલ ફોન અને બે કાર સહિત કુલ રૂ. ૧૨,૪૮,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે આરોપીઓમાં કેતનભાઈ જમનભાઈ માકડીયા જુગારનો અખાડો ચલાવતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. સાત આરોપીઓ પૈકી બિપીનભાઈ વિઠ્ઠલભાઈ દલસાણીયા અને દિનેશભાઈ શાંતિલાલ કનેરીયા વરિષ્ઠ નાગરિક હોવાથી તેમને નોટિસ આપવામાં આવી હતી.

# જામનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી બિનઅધિકૃત રેતી ભરેલ ટ્રક પકડાયો





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની તથા નાયબ પોલીસ અધિક્ષક પિયુષ વાંદાના માર્ગદર્શન મુજબ ખાણ-ખનીજ ચોરી તેમજ રોયલ્ટી, આધાર પુરાવો અથવા લેખિત મંજૂરી વિના ખનીજનું પરિવહન અને ગેરકાયદે ખનન કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

આ સૂચનાઓના અનુસંધાને પંચકોશી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એન. શેખ તથા સ્ટાફના પોલીસ કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન અમરાપર ગામની નદી પાસે ગેરકાયદેસર રીતે રેતીનો સટ્ટો કરવામાં આવતો હોવાનું જણાતાં સ્થળ પર દરોડો પાડવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન એક ડમ્પરમાં ઓવરલોડ રેતી ભરેલી તેમજ એક લોડર વડે રેતીનું લોડિંગ કરવામાં આવતું હોવાનું જણાયું હતું. સ્થળ પર રોયલ્ટી, આધાર પુરાવો અથવા લેખિત મંજૂરી રજૂ કરવામાં આવી ન હતી. જેથી સમગ્ર મામલે ખાણ-ખનીજ વિભાગના અધિકારીને જાણ કરી કાર્યવાહી માટે સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા.

પોલીસે બિનઅધિકૃત રેતીનો સટ્ટો ઝડપી પાડી ખાણ-ખનીજ વિભાગને કાયદેસરની કાર્યવાહી માટે સોંપ્યો હતો. તેમજ જી.જે. ૧૦ એક્સ ૯૬૮૧ નંબરનું ડમ્પર અને જી.જે. ૧૨ સી.એમ. ૮૦૩૪ નંબરનું લોડર ( રૂ. ૨૫,૦૦,૦૦૦) કબજે કરી લઈ પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે સમગ્ર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી માટે ખાણ-ખનીજ વિભાગને સોંપી આપ્યા છે.